સરકારી

ગુજરાતી બીજી ચોપડીના શબ્દાર્થ.

(કવિતાના અન્વય સાથે)

બનાવનાર તથા પ્રસિદ્ધ કરનાર

જગજીવનદાસ દલપતરામ.

આવૃતિ બીજી.

અમદાવાદ:

ખાડીઆ મધ્યે અમરતલાલના મહાદિવમાં
"હિતેચ્છુ પ્રેસમાં" પટેલ જેશંગ
મુળજીએ છાપ્યા.

સંવત ૧૯૩૭.—સને ૧૮૮૧.

કિંમત ૨ આના.

सरकारी गुजराती बीजी चोपडीना अर्थ.

પાઠ ૧ લો.

શબ્દ-અર્થ.

પાઠ-વિષય, બીના.
ઉકેલતાં-વાંચતાં.
સાચવજો-સંભાળજો.
આવડ્યા-શિખ્યા.
શિખામણ-બોધ, ઉપદેશ.
બોલીએ-ઉચરીએ.
સાંભળે-સુણે.
મજાની-સારી.
અક્ષરે-દસકતે, હરફે, વરણે.
બગાડશો-ખરાબ કરશો.
વાહ!-અરે! ઓહો.
દહાડા-દી, દીવસ, દીન.
પુરા-બરાબર, બધા.
ડાહીડાહી-ડાહાપણવાળી.

શબ્દ-અર્થ.

વાતો-કથાઓ, ગાથાઓ.
માં-નહી, ના, ન.
ઠકાણે-જગાએ.
ફાડવાં-ચીરવાં.
મેહેનત-યત્ન, શ્રમ.
તાણીને-ખેંચીને.
છેક-ઘણું, આતે.
ધીમે-હળવે, હલકે.
સાદે-બોલે, અવાજે.

પાઠ ૨ જો.

વિષે-બાબત.
કવિતા-રાગમાંબોલવું.
શોભાય-સારી દેખાય.
હૈયું-ચિત, મન, દીલ.
હરખાય-ખુશી થાય.
વીગતથી-શબ્દે શબ્દની સમજથી.
કારજ-મતલબ, કામ, અર્થ.

શબ્દ-અર્થ.

ચોપડીઓ-પુસ્તકો, પોથીઓ, કીતાબો, બુકો.
સમજણ-બુદ્ધિ, અકલ.
સાર-મતલબ, સારાંશ.
ચોપાઈ-ચારપદવાળી.
જીવ-ચિત, મન.
વિચાર-ખયાલ, ક્યાસ
સઘળો-બધો, તમામ.

કવિતાની સમજણ.

(૧) રૂપાળી ચોપડીઓ શોભાયમાન દેખાય, અને તે જોઈ મન ખુશી થાય; પણ એ જો વીગતથી વંચાય તોજ તેમાંથી કામ થાય. ૧ જેમ જેમ ચિત રાખીને વાંચે તેમ તેમ સમજણ આવતી જાય; જે માણસ વાંચે પણ તેનો વિચાર ન કરે તો અર્થ માત્ર તે સમજે નહી. ૨

પાઠ ૩ જો.

ચકલી-ચલ્લી.
ભાગ-કડકો, વિભાગ.
લાવ્યો-આણ્યો.
રાણા-રાજા.
બારણામાં-દ્વારમાં.
બોલ્યો-કહ્યું.
પુછ્યું-તજવીજ કરી.
તપેલામાં-પાતેલામાં, રાંધવાની વાસણમાં.
પેસશે-જવાશે, અવાશે, ગરાશે.
પાટો-બંધન, પટો.
ચોખા-તાંદુળ.
દાળ-કઠોળનાં ફાડીયાં.
ઓરી-રાંધવા મુકી.
પાણી-જળ, નીર.
આંખો આવીછે-આંખો દુખે છે.

પાઠ ૪ થો.

ફરીયાદ-અરજ, રાવ.
પકડાવી-ઝલાવી.
મહારાજ-મોટા રાજા
હુકમ-આજ્ઞા, ફરમાસ.
એકલાં-સાથે કોઈ નહી, જાતે, પંડે.
મગાવ્યો-લવડાવ્યો.
ગભરાઇને-અમુઝાઇને, અકળાઇને.
કહ્યું-જવાબ દીધો.
સાહેબ-ધણી.
પેટ-જેમાં ખાધેલું પચેછે તે, ઉદર.
રીસ-ક્રોધ, ધખી, ગુસ્સો, તામસ.
શિપાઇ-પટાવાળો, નોકર.
જુઠા-ખોટું બોલનારા, લબાડ.
કુવામાં-પાણીના ખાડામાં.

પાઠ ૫ મો.

ધુમધુમ-રાડેરાડ.
ગોવાળ-ઢોરચારનાર
બકરાંનો-અજાનો.
વાળ્યો-દીધો.
છેવટ-આખરે.
ગોવાળણી-ગોવાળની વહુ.
કહાડયો-બહાર આણ્યો.
ફુટી-ભાંગી.
કાણો-એક આંખે નસુજે તે.
ખીર-રાંધેલા ચોખાને દુધમાં ઉકાળવા તે.
પોળી-રોટલી.
બાપા-બેન.
ઊતરી-ગરી, પેઠી.

પાઠ ૬ ઠો.

તપાવી-ઊનીકરી.
લુચ્ચાઇ-ઢોંગાઇ, ઠગાઇ.
લાલચોળ-બહુ રાતી.
પાટલા-લાકડાનું આસન.
ઠોકયો-મારયો, કુટયો
દોરીગઇ-ઝાલીને લેઈગઇ.
લોઢી-તવો.
ખુબ-મસ, ઘણું.
સોનાના-હેમના.
દાઝી-બળી
વાંક-ગુન્હો, તકશીર.
ફળ-નફો, ફાયદો.

પાઠ ૭ મો.

છોડી-છોકરી, દીકરી.
ગાગર-માણ.
ઓસડ-દવા, ઓષધ.
ઝેર-વિષ જે ખાધાથી મરાય તે.
સાજી-દુખ વિના.
રોજ-નિત્ય, હમેશ.
નિશાળ-ભણવાની જ

ગા.
લુગડાં-વસ્ત્ર, કપડાં
મેલાં-ખરાબ, ગંદાં
ભોટી-નઠારી, ખરાબ
ખાખા-જમ જમ.
માબાપ-જેનાથી જ-ન્મ્યા તે, માતા પિતા.
માંદી-દુખી, આજારી

રમાય-ખેલાય.
તેવારે-તે વખતે.

પાઠ ૮ મો.

વરસાદ-મેઘ, મેહ, ઘન.
પ્રસાદ-ખાવાનું.
કારેલાં-એક જાતનું શાક.
દેડકે-એક જાતના પ્રાણીઓ. મેડકે.
ઘેબરીઓ-ઘેબર જેવા મીઠા.
નેવલે-નેવે.
ગીત-રાગે બોલવું.
ગાજ્યો-બોલજ્યો.
તાણી-ખેંચી.
ઠીક-સારૂ.
સમજોછો-જાણોછો.

કવિતાની સમજણ.

(૨) વરસાદનું આવ એટલે ઘેબરીઓ પ્રસાદ ઉની ઉની રોટલી અને કારેલાનું શાક થાય. વરસાદ નેવે પાણી આવી એમ કરેકે, જેથી દેડકાં થાય, અને નઠારી છોકરીને તાણી જાય.

પાઠ ૯ મો.

ઘોડો-તુરંગ, હય.
એકજ-બરાબર, સરખું.
જણસ-વસ્તુ, ચીજ, પદાર્થ.
ટટુ-ટાયડુ, નાનું ઘોડું
બેસાય-ચઢાય.
પારકો-બીજાનો.

પાઠ ૧૦ મો

પાડું-ભેંશનું બચ્યું
જાળવે-સાચવે.
નીરે-નાંખે.
જક્કી-હઠીલું, જીદ્દી
રાતે-દીવા કર્યા પછી

સંભાળ-ખબર બરદાશ.
વાછરડું-ગાયનું બચ્ચું
પટેલ-પાટીદાર ખેડુત
જતન-સાચવણી.
વાડો-ઢોર બાંધવાની જગા.
ગાયો-ધેનુઓ.
ભેંશો-મહિશીઓ.
ચારો-ખડ, ઘાસ
વેસડ-ઓસડની સાથે લાગેલો શબ્દ.
સવારે-વાહાણામાં
ખેતરમાં-શીમમાં જો

તમાં.
સાંજે-સંધ્યાકાળે.
ઘેર-ઠેકાણે, ઘરે.
થાકી-હાંફી.
ઉચકીને-ઊપાડીને.
સુખી-આનંદી.
માને-કબુલ કરે.

પાઠ ૧૧ મો.

ચેન-સુખ, આરામ.
બંધીખાને-કેદખાને.
વિચાર-મનસુબા, તુરંગ.
નીસરી-નીકળી, નાશી
સમજાગ્યું-શીખામણ.

ઢીંચી.
અહિયાંથી-આ જગાએથી.
ફેરાય-હલાય, હરાય, ચલાય.
વાંસે-પાછળ,
લાગ-તક, દાવ, વખત
છુટું-બાંધ્યાવિના.
કુતરાં-સ્વાન
બિલાડાં-મીનડાં, મંઝાર.
મજા-રમુજ, મોજ.
ઘેહેલું-ગાંડું.
કેમકરવું-કોઇરીતે.

પાઠ ૧૨ મો.

ફાવ્યો-મળ્યો, આવ્યો
વગડામાં-વનમાં.
સટકીગયું-નાશીગયું.
અણસમજ-સમજણવના.
કોતર-બીલ, ખોડ, ખો, ગુફા.
ડાહ્યો-મસજુ.
આગળ-પેહેલાં.
ઊંઘી ગયાં-સુઇગયાં.
મોડી રાતે-ઘણીરાતે
છાનુંમાનું-છુપી રીતે
વાઘ-સાવજ, ચીતરો
ભલું-સારૂં.
પાડોશી-પાસેરેહેનાર

પાઠ ૧૩ મો.

માન્યું-ફાવ્યું, ગમ્યું
ચરવાને-ખાવાને.
વાસ-રેઠાણ.
પ્રાણ-જીવ.
દુખીયું-દુખી
અવસ્થા-હાલત.
કીધો-કરયો.
વળતી-પછી.
લીધા-ઝાલ્યા.
અજાણ-ભૂલમાં.
એજ-ઊપર પ્રમાણે.

કવિતાની સમજણ.

(૧) એક પાડું વાડામાંથી છુટું થઇને ઘણી ઘાસ ચરવાને નાશી જઇ વગડામાં રહયું. ૧ પછી ત્યાં વાઘે તેને મારી નાંખ્યું, એવી રીતે એ અણસમજથી દુખી થયું. માટે જે કોઇ અણસમજથી સ્વતંત્ર થવા જાય તે અંતે પાડાની પેઠે દુખી થાય. ૧

પાઠ ૧૪ મો

માટી-ધુળ, મોટોડી.
વાસણ-ઠામ, પાત્ર
પલાળેછે-ભીંજાવેછે.
ભરવાના-નાખવાના
ગોર-દહી જમાવવાનું ઠામ.
ચીકણી-ચોટે એવી.
આધરેછે-મેળવે, જમાવે.
કોડિયાં-દીવાનાં, વાસણ.
ઠીકરાનાં-માટીનાં
જાત-પ્રકાર.
નરમ-ઢીલું.

કામની-ખપની.
રાતી-લાલ, એકજાત-નો રંગ.
ગોળા-ગોળીઓ-મોટાં ગોળ વાસણ.
બેઢાં-માણચો ને ઘડા મળીને થાય તે.
દોહોણી-છાશ લાવવાનું વાસણ.
દાણા-અનાજ.
કોઠી-પાલ્લો.

પાઠ ૧૫ મો.

પાળે-કીનારે, તેડે, કાંઠે, આરે.
ફેકવા-નાંખવા, ઊછેટવા.
તળાવ-સરોવર, તડાક.
વાગ્યા-લાગ્યા.
કાયરે-હેરાન, કંટાળી
પથરે-પહાણે.
બગાડ-નુકશાન.
મંડ્યા-લાગ્યા, મચ્યા.
જવાબ-ઉત્તર.
ધડાધડ-ધણાધણ.
રે-અરે, હે, ઓ.
ગરીબ-કંગાળ, જોર રહિત.
ખરૂં-સાચું, બરાબર.
કશીએ-કંઈએ.

પાઠ ૧૬ મો.

જમનીને કાશી-એ નામની બે બહેનપણીઓ.
બહેનપણી-સહીયર, સખી, ગોઠિયણ.
ભુંગળી-વાસની નળી.
તાસક-ઢાંકણું.
નોતરૂં-કહેણ, આમંત્રણ.
વેલણ-રોટલી વણવાનું ઓજાર.
કડછી-નરમ પદાર્થ હલાવવાનું તથા પીરસવાનું ઓજાર.
વખત-સમય, વેળા.
રાંધું-રસોઈ કરૂં.
તેવડે-તેથી, તેનાથી.
થાળી-જમવાનું વાસણ.
વાડકા-કટોરા.
મો આગળ-પાસે.

પાઠ ૧૭ મો.

મણા-ખામી, બાકી, કસર.
ભાંડવું-દેવું.
ધાણી-અનાજનાં ફુલડાં, ફુગલા.
પહુઆ-ડાંગેરને પલાળી સેકી ખાંડી ચપટા કરે તે.
ટેવ-અભ્યાસ, માવરો.
બા-બહેન.
ગાળો-ભુંડા શબ્દ.
લડે-વઢે, કલેશ કરે.
કજીઆ-ટંટા.
મેહેતાજીઓ-ગુરૂઓ.
મુકાવી-છોડાવી.
વહેલી-ઉતાવળી, તાકીદ, ઝટ.

પાઠ ૧૮ મો.

છોટીઓ-એ નામનો છોકરો.
બાળક-છોકરૂં, બાળ.
દેખાય-જણાય.
આટલી-આવડી.
નાનું-છોટું.
મેલાય-મુકાય.
ભાણો-બેનનો કે દીકરીનો દીકરો.
વાર-વેળા, વખત.
રોતા-રડતા.
તેડવા-લેવા.
લે-જો.

હજી-અત્યારલગી.
અલી-સઈ.
ભાઈ-ભ્રાત, બંધવ.
બીજી-જુદી.
કેવું-કેમ.

પાઠ ૧૯ મો.

નિશાળીઆ-ભણનારા, વિદ્યારથી.
લાકડી-સોટી, જેઠીકા.
પરિક્ષા-તપાસ, પારખવું.
કુદાવતી-ખેલાવતી, ઉછાળતી.
ભણેલાં-શિખેલાં.
ઇનામ-બક્ષીસ, સરપાવ.
બાકી-વિના, રહેલા.
થાઉં-બનું.
જોવા-તપાસવા.

પાઠ ૨૦ મો.

બોર-બોરડીનાં ફળ.
ઉતાવળ-તાકીદ, ઝટ.
સામટું-બધું, એકીવારે.
અલ્યા-અરે ઓ.
નિકળ્યો-નીસરયો.
મુઠો-બાચકો.

હાથ-કર, હસ્ત.
સાંકડું-નાનું.
અટકી-ભરાઇ.
જણ-માણસ, આદમી
અરધાં-થોડાં, નિમ.
પેઠે-રીત, પેરે, માફક
એકેફેરે-એકી વખતે
લગારે-જરાએ, કિંચિત

પાઠ ૨૧ મો.

સાત-એ સંખ્યા.
પુંછડીઓ-પુંછડાવાળો.
ઉંદર-મુષક.
હજામ-વાળંદ, નાઇ, નાપીક, ધાંયજો.
બાંડો-પુંછડા વગરનો
કપાવી-વઢાવી.
બેટા-દીકરા, છોકરા.
તેમ-તે રીતે.
કરતાં કરતાં-કરી કરીને.
બીજીએ-ચીડીએ.

પાઠ ૨૨ મો.

કામકાજ-ધંધો, રોજગાર, કાર્ય.
કોદાળી-ખોદવાનું ઓજાર.

ગજુર-દાહાડીઓ, વેતરો.
સાંધા-કટકા, અવયવ
બીચારો-બાપડો.
બાયડીઓ-સ્ત્રીઓ.
દરજી-સઇ, મેરાઈ.
સુતર-રૂના તાર.
કલમ-લેખણ, લેખની.
મોતી-એક જાતનું જવાહિર, મુકતાફળ.
ખપ-જરૂર, ઉપયોગ.
વતીજ-વડે, થી.
આંગળાંમાં—આંગળીઓમાં.
વાળવાં-મરડવાં.
શીવછે-સાંધેછે.
ધોબી-ધોનાર.
દાણા-કણ.
આપણે-પોતે.
જમીએ-ખાઇએ.

પાઠ ૨૩ મો.

ધ્યાન-મન, ચિત્ત.
માયા-હેત, સ્નેહ.
વઢવું-કજીયો કરવો.
પાંસરા-પાધરા, શીધા.
વેળાસર-વખત, ટાણે.

ભુલ-ચુક, ખોટ.
વાતસરખી-વાતે.
બતાવે-દેખાડે.
કદી-કોઇ વખત.
છુટી-રજા.

પાઠ ૨૪ મ

નિત્યે-રોજે.
પેર-રીત, પેઠ.
ચોડી-લગાડી.
રૂડી-સારી.
ગુરૂજીની-મેહેતાજીની
શિક્ષા-શિખામણ.
દોહરા-મેહોર્યોવાળા.
સમજો-શિખો.

કવિતાની સમજણ.

(૪) દરરોજ નિશાળે જઇ ચિત ચોટાડીને ભણવું, અને
સારી રીત રાખીને મેહેતાજી જે શિખામણ દે તે માનવી. ૧૦
રમતમાં મન રાખશો નહી, અને સારી પેઠે સમજજો. વળી
નિશાળમાંથી નિકળીને સીધા ઘેર જવું.

પાઠ ૨૫ મો.

વિયાવાની-બચ્ચાં મુકવાની, જણવાની.
રોકીને-આંતરીને, ઘેરીને.
વિચારયું-ધારયું.
ઠેકાણું-સ્થળ, જગા.
ગાડાવાળો-ગાડાનો ધણી.
નીચે-હેઠળ, તળે.
રસ્તો-માર્ગ, સેરડો, કેડો.
ગામ-ગ્રામ.
ગોળ-શેરડીના રસને ઠારેલા પદાર્થ.
મુર્ખ-અણસમજુ.
માટલુ-હાંલ્લું.
ઉઠાડી-ખસેડી.

પાઠ ૨૬ મો.

શેરડી-ઇક્ષુ, ગળ્યા રસના સાંઠા.
ટોપલી-છુંડી.
નળીયાં-નેવાં, નાળ્યો.
કોપરાં-ટોપરાં નાળીએરનો ગર.
ભીંત-દીવાલ, સપીલ.
છાયું-ઢાંકયું, પાથરયું.
છાપરૂ-ઝુપડું, ઘરનું ઢાંકણ.
ભારા-જથાબંધ બાંધેલા સાંઠા.
ગાડું-સકટ, ગાલ્લું.
કમાડ-કપાટ.

પાઠ ૨૭ મો.

ઉઘાડશો-ખુલ્લાં કરશો
કેરાં-નાં, છઠીનો પ્રત્યય
રખડવા-રઝળવા.
આડું-વાંકુ, અવળું.
વાશીને-અટકાવીને.
દાંડા-વળીયો, સોટા.

પાઠ ૨૮ મો.

અમથી-નકામી.
જોડેલી-બનાવેલી.
ખરી-સાચી, સત્ય.
બંધાય-જોડાય, સંધાય.
પેલી-ઓલી, ફલાણી.

પાઠ ૨૯ મો.

રોતો-રૂદન કરતો, રડતો.
સવારમાં-વહાણામાં.
નહોર-નખ, નઓરીયાં
પોહોળું-ફાટેલું, વિકાશેલું.
ચોપડ્યાં-ચોળ્યાં, લગાવ્યાં
ભેંકડો-તાણીને રોવું.
ઊંદરડી-ઊંદરની માદા.
લાહે-બળતા, અગન.
નહાતાં-સ્નાન કરતાં.
સુનો-પોઢ્યો.

પાઠ ૩૦ મો.

તાંબું-એક જાતની લાલ ધાતુ, તામ્ર.
તાંબાકુંડીઓ-એકજાતનું વાસણ.
ધોળાશપર-સફેદાઇપર, સ્વેતાઇપર.
અથડાય-અફળાય.
માંજેલાં-અજવાળેલાં. સાફ કરેલાં.
પીતળ-તાંબુ ને જસતની મીશ્રધાતુ.
ગરમાં-એક જાતનું
પોહોળા માંનું વાસણ.
ગોભાય-ખાડો પડે.
ઝળકતાં-ચકચકતાં.
કથરોટ-મોટો થાળ, તાસ.
લોટા-કળશીયા.

પાઠ ૩૧ મો.

પોતલી-નાનું પોતીયું. છટકીલું, છેટી.
પીછોડી-ચાદર, અંગવસ્ત્ર.
હીરકોરી-રેશમીકોરની
પાઘડી-પાઘોટી.
હલકી-ઓછીકીમતની
જામદાની-ખુલ્લાવાળું ઝીણું લુગડું.
અંગરખી-ડગલી.
ટોપી-ખોચલો, માથે ઘાલવાનું વસ્ત્ર.
કાકા-બાપના ભાઈ, અથવા ભાઇબંધ.
આંક-સંખ્યા, આંકડા.
નામાં-પદના સ્થાનેથી શબ્દ લખવા તે
નાગાં.
પેહેરીને-શરીરપર ધરીને.

પાઠ ૩૨ મો.

વાગોળવું-ખાધેલું ફરીથી મોમાં લાવીને ચાવવું.
માખણ-દહીનું મથન કાઢીને તત્વ કાઢેછે તે
ખરીઓ-પશુના પગના નખો.
હલાવે-ચાળવે.
ભાવે-ગમે, સારૂ લગે.
મોં-મુખ, વદન.
શિંગડાં-શ્રુંગ.
દુધ-પય, દુગ્ધ.
દહી-દધી, ગોરસ.
છાશ-તક્ર.
ઘી-ઘૃત, ઘુપ.
ટોળું-ઝોળું, જુથ.
ગોધા-સાંઢીઓ, આખલો, ખુંટીઓ.

પાઠ ૩૩ મો.

ગુણ-ફાયદો, નફો.
આધાર-ટેકો, આશ્રય.
અગણીત-ગણાય નહી તેટલા.

પશુ-ચાર પગવાળું પ્રાણી.
ખાતે-હોંશે, ઉલટે.
પ્રાણ-જીવ, આત્મા.
સુખદાતા-સુખ આપનાર.
નર-પુરૂષ, ભાયડો.
નારી-સ્ત્રી, બાયડી.

કવિતાની સમજણ.

(૫) ગણી શકાય નહીં એટલા બધા ગાયમાં ગુણ છે, અને તે બધા સુખ આપનારા કહેવાય છે. જુઓ કે એ ૧ લીં દૂધ, અને ઘી આપે છે એ પદાર્થો તો માણસો હોંશથી ખાયછે. પશુ, પક્ષી, સ્ત્રી ને પુરષ એ સર્વેને જન્મતી વખતે જીવને આધાર આપવાને ઘણું કરીને ઘી અને દૂધ છે. ૨

પાઠ ૩૪ મો.
જણશો-વસ્તુઓ, ચીજો.
દૂધપાક-ક્ષીર, પાયસ.
ઠારે-ટાઢું કરે, શીતળે.
ખડબા-ગરયાં, ગોસલાં.
ઝામીજાય-ઠરીજાય, બાઝી જાય.
ચાસણી-ખાંડને ઉકાળી જાડી કરે છે તે.
વહલોવે-માખણ કાઢે, મથે.
તાવિને-ઉનું કરીને.
ગાચો-મુંદા, લચકો.
ખુર-પોએલી ખાડ.
ગાવો-દૂધબાળી લોચો કરે છે તે.
પેંડા બરફી-એક જાતનું પકવાન.
ચોકઠું-ચોકાઠવાળું.
લીંબુ-એક જાતનું મીઠું તથા ખાટું ફળ.

પાઠ ૩૫ મો.
લેખણ-કલમ, લેખની.
સંતાઈ-છુપાઈ, ગુપ્ત રહી.
આપી આવ-દેઈઆવ, આલીઆવ.
પાઈ-પૈસાનો ત્રીજો ભાગ, દુકાની.

પાઠ ૩૬ મો.
પાવલી-ચાર આના, રૂપીયાનો ચોથો ભાગ, પાયલી.
ચોરી-દેગાસ.
કાગળ-પત્ર, કાગજ, પટ.
લટકાવી-વળગાડી.
ફજેતી-અપકીર્ત્તિ, બેઆબરૂ.

પાઠ ૩૭ મો.
વાળુ-સાંજનું ખાવું.
શરમાયો-લજવાયો, લાજયો.
પેહેલાં-અગાડી, આગળ.
સોખ્યો-તાણે કરયો,

ફુવાલે કરચો.
તેડાવીને-બોલાવીને.

પાઠ ૩૮ મો.

જુઠ-અસત્ય, ખોટું.
પાપી-અધર્મી,પાપિષ્ટ.
સાચ-સાચુ,સત્ય.
શોભે-સારૂ દેખાય.
પુરો-અધુરો નહી તે
ઉપાય-ઈલાજ.
રાચે-રાજી થાય.
જગપતી-દુનીઆનો ધણી, ઈશ્વર,પ્રભુ.

કવિતાની સમજણ.

(૧) જે માણસ કદી પણ જુઠું બોલે તે ખરેખરો પાપી થાય, તેથી બાળકો તમે એવો જુઠું બોલવાનો ઉપાય ન કરશો. ૧ સાચામાર્ગમાં ઘણુંજ સુખ છે. સાચાઈથી સૌની પ્રીતી વધે છે, સાચાઈથી જગપતિ જે પરમેશ્વર તે પણ ખુશી થાય છે એ ને સાચાઈવડે શરીર રૂપાળુ દેખાય છે.

પાઠ ૩૯ મો.

મેવા-મીઠાં ફળ.
ગાંધી-કરીઆણું વેચનાર.
ઓળખીતા-જાણીતા
વાટી-કોપરાની કાચલી.
મામા-માના ભાઈ તે.
બદામ-એક જાતનો મેવો.
દરાખ-દ્રાક્ષ, મેવો.
મગફળી-પરદેશી શિંગ, ભોંયમગની શિંગ.
ચારોળી-એક જાતનો મેવો.
દુકાન-પેઢી, હાટ.
કાજુ-એક જાતનો મેવો.
ખજુર-ખોરાકને મળતો મેવો.

પાઠ ૪૦ મો.

ચંદ્રમા-ચાંદો, સોમ, ચંદ્ર, શશી.
સરસ્વતી-વિદ્યા, ભણતર.
ઘણાખરા-ઘણાએક.
વાર-અઠવાડીઆમાંનો દિવસ.
રવી-સુરજ, આદિત, ભાનુ.
મંગળ-ભોમવાર
બુધવાર-સૌમ્યવાર
ગુરૂ-બ્રહસ્પત
શુક્રવાર-ભ્રગુવાર
સણા-એક જાતનું અનાજ
શનીવાર-મંદવાર

પાઠ ૪૧ મો.

કાગડો-કાગ, વાયસ
માંસ-ગોસ,માટી
કીડા-જીવડા, જંતુ

રોજગો-હાજતો.
જાડ-તોફાની મસ્તાની
મહેનતુ-ઉદ્યોગી.
માળો-પક્ષીને રેહે-વાનું ઘર.
ચાચ-પંખીનું મોં.
ભોય-જમીન, પૃથ્વી.

ઓઢેછે-ગોડેછે.
રોટલા-તાતા, ભાખર
ઝાડ-વૃક્ષ, તરૂ, દ્રુમ.
ઉગ્યા-નીકળ્યા, ફુટયા

પાઠ ૪૨ મો.

ભાળ્યો-દીઠો, જોયો

પાંખાળો-પાંખવાળો.
ચોપે-ઉતાવળે, તાકીદ
હણવા-મારવા.
ચતુર-ડાહ્યો, સમજુ.
કાંકરા-કંકર.
ચાહે-ફરેછે.
ઉડી-ઉપડી.

કવિતાની સમજણ.

(૭) જુઓ માળો બાંધવ સારૂ કાળો કાગડો બેઠો છે, એ બે પાંખોવાળો બોલેછે, પણ રાગ સારો નથી. ૧ કોઇ કાંકરો લઇને ઝડપથી મારવા જાય તો એ ડાહ્યો પ્રાણી મનમાં ચેતી રહેલો તે ઝટ ઉડી જાયછે.

પાઠ ૪૩ મો.

પીતરાઇ-કુટંબી, કાકાના છોકરા.
મોળાઇ-મોસાળના સગા.
ભત્રીજો-ભાઇનો દીકરો.
સાળીઓ-વહુની બેનો.
બનેવી-બેનનો વર.
માસો-માશીનો વર.
ફુઓ-ફોઇનો વર.

પાઠ ૪૪ મો.

જમાઇ-દીકરીનો વર
સાવકા-ઓરમાઈ.
સંપસંપીને-સલાહ કરીને
વેવહી-વર વહુના બાપ તે વેહેવાઈ.
વેહેવાણ વર વહુની મા તે વહેવાણ.
દુધભાઇ-મા એક ને બાપ જુદા, આંગળીયાટ, કોઠાઈ.

પાઠ ૪૫ મો.

કાપડ-લુગડાં, વસ્ત્ર.
ખાદી-જાડું લુગડું.
વાણોત્તર-ગુમાસ્તો, નોકર.
બારતો-ઝીણું લુગડું.
ડોશીવાણીયા-લુગડાં વેચનાર.
કાલે-બીજે દિવસે.
સેલુ-લાલ, રંગેલી ખદી.
જાજમ-બીછાનું, પાથરણું.
અંગરખુ-અગનેસાચવનાર.

પાઠ ૪૬ મો.

મહિના-માસ, મસવાડા.
દીવાળી-દીપોત્છવી.
ઉતરાણ-મકરસંક્રાંત, એસર.
વસંત-છ રૂતુમાંની એક રૂતુ.
પર્વ-તેહેવાર, સારૂ ટાણું.
રામનવમી-રામજીનો જન્મ દિવસ, ચઈત્ર શુદ ૯.
અખાત્રીજ-અક્ષયત્રીજ, વઈશાખ શુદ ૩
વરસ-સંવત્છર, બાર મહીના.
શિયાળો-ટાઢની માસમ.
ઉનાળો-તાપની માસમ.
ટાઢ-ઠંડ, હીમ, ઠાર, શીત.
હોળી હોળકાદેવીનો દિવસ.

પાઠ ૪૭ મો.

ચોમાસુ-ચારમાસવાળું, વરસાદની રૂતુ
શ્રાવણ-બાર માસમાંનો એક મહિનો.
ઉતરતાં-અધવારતાં, પુરો થતાં.
પચુસણ-શ્રાવકના તેવાર.
પખવાડીયું-અરધો માસ, પંદર દિવસ.
શરાધિયાં-શરાધના ઠરાવેલા દિવસ.
દસરા-વીજયાદશમી, આસો શુદ ૧૦.
ગોકળ આઠમ-જન્માશ્ટમી, કૃશ્નનો જન્મદિવસ, શ્રાવણ વદ ૮.
ગણપતી ચોથ-ભાદરવા સુદ ૪.
તીથી-તારીખ, દહાડા.
દીવાસો-અસાડ વદ અમાસ.
મેળા-મેળાવડો, ઘણા લોકો મેળા થઈ કોઈ ઠરાવેલ ઠેકાણે જાયતે.

પાઠ ૪૮ મો.

વાજાં-વાજીંત્ર, નગારાં
વરઘોડો-વરની સ્વારી
સરણાઈ-પીપુડી.
ભુંગળ-લાંબી નળી, જેવું મોઢા વડે વગાડવાનું વાજુ.
ઘડિયાળ-ઝાલર, વખત માપવાનું યંત્ર.
દેવલ-દેવાયલ, દેવની જગા, મંદીર.
તબુડાં-તુમીયું, રણસિંગુ.
ઝમકારો-ઝણઝણાટ ખણખણાટ.
કુંડાળું-ચકરડું, ગોળ ફેરા.
પખાજ-મૃદંગ
નાદ-અવાજ, સાદ.
ઝાંઝ-કાંશી જોડા.
ઘંટ-ટોકરો.

પાઠ ૪૯ મો.

જન્મગાંઠ-જન્મ દિવસ, વરશગાંઠ.
કંસાર-લાબશી.
રાઈતાં-રાઈ ચઢાવેલાં પદાર્થો.
બીડાં-ખાવાના પાનની બીડઓ.
અડાડચો-અડકાડચો
ઘરેણાં-સણગાર, આ

ભુષણ.
પાનસોપારી-ફળ તાં
બુળ, મુખવાસ.
કઢી-છાશ અને લોટ
ને ઉકાળેલું તે.

પાઠ ૫૦ મો.

ચોખાઇ-સ્વચ્છતાઇ,
સફાઇ.
ઉતારવી-કાઢવી.
ફીકર-ચિંત્યા.
ઘસવા-ચોળવા.
સાબુ-ઉસ ને એરંડી
યાનો બનાવેલો મ
લ કાઢનાર પદાર્થ.
જુએ-વાળમાંનો જી
વ, સ્વદજ પ્રાણી.
ગુમડાં-ગોડ, ગડ.
કોહો-એક જાતનો
રોગ.
દાતણ-દંત ધાવન.
ઉલ-જીભ ઉપરનો મ
લ, લીલ.
ગંધાય-ખોટી વાસ
મારે.
મસળવું-ચોળવું,ઘસવું
માથુ-મુસ્તક, શીર.
ઠીક-રીતસર, માફક
મીઠુ-લુણ, લવણ, રા
મરસ.
દાંત-દંત.
ઊભુ-ટટાર.

પાઠ ૫૧ મો.

રોટલા-ભાકર, તાતા
ઉપણે-ચોખ્ખું કરે,
ઉછાળે
લુઓ-લુંદો, લોચો.
ઉથલાવીને-ફેરવીને, ઉ
લટાવીને.
લાડવા-મોદક, લાડું
એડવું-ભોંયને પેસો
કરવી.
તાપ-ગરમી; ઉષ્ણતા
પાકવું-ચઢવું, ખરૂ થવું
કલેડું-ઠીકરાની તાવડી
લોઢ-તવો.
તપાવવું સેકવું
ઢોર-ગાયો, ભેંશો, બ
ળદ વીગેરે.
ખેતર-ખેત્ર, અનાજ
રોપવાની જગા
લોટ-આટો, પિષ્ટ
ઘડેછે-બનાવેછે
વાલ-ઝાલર, સેસવા

પાઠ ૫૨ મો.

ઠીમણું-સુજેલું, ઊપ
સેલું.
ગભરાવું-અકળાવું, બે
ભાન થવું
વારો-વખત, સમય,
દાન
ધરાવું-સંતોષ પામવું,
તૃપ્ત થવું
હીચકા-ઝુલા; દોળ
કોણી-હાથના વચલો
ભાગ
દયા-રહેમ, કરૂણા, મ
હેરબાની

પાઠ ૫૩ મો.

ચંચળ-ચપળ, હોશી
યાર
ફુંકતો-મોઢેથી વા ના
ખતો
લોક-માણસ, જન
ખુણેખોચરે-આડા
અવળે
ભોંય-પૃથ્વી, જમીન,
જમી
કરડેછે-બચકુ ભરેછે
ચાલતું ઉપજતું, ની
પજતું
ચું કે ચાં-ઊં કે આં
જરાએ અવાજ

પાઠ ૫૪ મો.

રંજાડ-હરકત, વિપત,

નુકશાન, પીડા
ધાડ-લુટારાનું ટોળુ
ખાસાં-સારાં બેશ,
મજાનાં

દીવટ-વાટ, બતી, અ
રાગ
પાર-છેડો, અંત, છે
વટ, કાંઠો, ફીના

રો.
ધડબડ-એકદમ દોડ
તા, કુદતા ધમપછા
ડા કરતા

કવિતાની સમજણ.

(૮) ઉંદરની ઓળેઓળો વધી ગઈ, માટે એમને પકડ-વા માંડ્યા, પણ પાર આવ્યો નહી. રાત્રે એટલા તો ધમપછાડા અને કુદાકુદ કરેછે કે જાણે ધાડ આવી. ૧ વળી સારા લુગડાં કરડી ખાયછે, અને દિવાની દિવેટ લઇ જાય છે; પરંતુ એનો એ કે ઉપાય સુજતો નથી, તેથી હવે તો બીલાડી મળે તોજ મોટું સુખ થઇ જાય.

પાઠ ૫૫ મો.
પાંદડાં-પત્ર, પાત્રાં, પ
લ્લવ, પાલો.
સાંભરે-યાદ આવે
બાપડી-ગરીબ, દીન
ઓઢવું-ધારણ કરવું
વાળ-બાળ, કેશ, નિ
માળા, રોમ
ભુલી ગયા-વિસરી
ગયા, ચુકી ગયા
પગ-પાય, પાદ, ચરણ
પાઠ ૫૬ મો.
આચળ-સ્તન, ધાઇ,
કુચ

ધાવણા-ધાવનાર
કને-કરણે, શ્રોત્રે,
શ્રવણે
બકરો-બકરીનો નર.
પાઠ ૫૭ મો.
ઝાડપાલો-વનસ્પતિ
નદી-સલિતા, મીઠા
પાણીનો પ્રવાહ, ગં
ગા
મોળુ-ફીકુ સ્વાદવિ
નાનું
ખારૂ-ખારાશવાળુ
કુવો-કુપ, મીઠાપાણી
નો ધરો

વાવ-વાપીકા
મીઠુ-સ્વાદવાળું
ધોઇએ-મેલ કાઢીએ,
સાફ કરીએ
પકવેછે-પકાવેછે, ચઢા
વે છે
પાઠ ૫૮ મો.
ચોરી-દોગાઇ, કપટ
ગુપ્ત રીતે લે તે,
લખોટી-લાખની ગો
ળી છોકરાં રમે છે
ઠરે-સાબીત થાય
કહીને-જણાવીને
પાઠ ૫૯ મો.

મહીપતી–રાજા, પૃથ્વી નો ધણી
પસ્તાય–વિમાસે, પશ્ચા તાપ કરે
પાછળથી–કેડેથી, પછ વાડેથી
ચાહન–જાહેર, ઉઘાડું
ઝલાય–પકડાય
નર–પુરૂષ, ભાયડો

કવિતાની સમજણ.

(૯) જે માણસ ચોરી કરે છે તે તેમાં સુખ સમજે છે, પણ જ્યારે દુ:ખ દેખે છે ત્યારે પછીથી પસ્તાય છે. ૧ જ્યારે ચોરી ઉઘાડી થાય છે અને ચોર ઝલાય છે ત્યારે રાજા બાંધી ને મારેછે અને છેક ફજેતી થાય છે.

પાઠ ૬૦ મો.

આગલ્યુ–ઘર આગળ ની છુટ
પછીત–ઘરના પાછળ ની દીવાલ
છીંડા–નાળીયું, નવેળી
અગાશી–ધાબુ
અજવાળુ–પ્રકાશ, ઉજેશ
ચોક–ઘર વચે ઉઘાડી જગા
કરા–ઘરના આશપાસની ભીંતો
ઓરડો–ઘરનો છેલો ખંડ
પરશાળ–ઓસરી
ઓટલો–બારણા આગળના ભડા સાથે ચણેલો ચોરો
મેડી–માળ, મેડો, માળીયુ

પાઠ ૬૧ મો.

રસોડું–રાંધવાની ઓરડી, પાકશાળા
પાણીઆરૂ–પાણીનાં બેઢાં મુકવાની જગા
ટાંકાં–પાણી ભરી મુકવાનું છાયેલુ ભોંયરૂ
અંધારૂ–તીમિર, અંધકાર
રસોઇ–પાક, જમણ
ધુમાડો–ધુમ્ર, ધુણી
ગોટાય–ફેલાય, ગુચાય
જાળી–લોઢાના શરિયાનું ગુથેલું બારણું
બારી–નાનું દ્વાર
ધુમાડીયું–ધુણી જવાનું બાકું
ચોકડી–ખાળપરની ચુનાની ઓટલી
છો–ચુનો
ઝીલવું–પકડવું, ઉપાડી લેવુ
ગોખલા–નાના તાકા.
તાળુ–બંધ, કબજો
દાદર–મેડે ચડવાનું
નીસરણી–શીડી, દાદર

પાઠ ૬૨ મો.

કુકડી–મરઘડી
ખડખડે–અવાજ થાય

દીપે-સોભે, સારી દેખાય

ભાતભાતના-તરેહ તરેહના

ઉકરડા-છાણ અથવા ખાતરના ઢગલા

ઓતરવા-ખોદવા, ઉખેડવા

શુવે-ઊછેરે, સાચવે

બીકણ-જે બીએ તે

ઘસવું-ઘોડવું, દોડવું

માંજર-માથાપરની કલગી

પીછાં-પીછ

ધંધો-ઉદ્યમ, મેહેનત

કાયર-શુરવગરનો, સુસ્ત

પાઠ ૬૩ મો.

ગણતા-લેખતા, ગાંઠતા, બદતા.

ચગદી-ચાપી, પીસી.

વેર-દુશ્મનાઇ, શત્રુતા.

ચટકા-ડંખ

સાપ-નાગ ભોરંગો.

વ્યાળ-વિષધર

છોલાયું-ઘસાયું, ઉઝરડાયુ.

ફેણી-ફણી, ફણ

લોહી-રૂધીર, શ્રાણીત

કવિતાની સમજણ.

(૧૦) ભાઇઓ આ ઝાડ જુઓ, એમાં સૌથી તાડ ઊંચો છે, એમાં કોઇ આગલી છે, આંબો છે, ને કોઇ કોઠી છે, જુઓ એનાં ફળ પણ જુદાં હોય છે. ૧ જે આ જગનો, સુરજનો, અને તારાનો બનાવનાર છે તેજ અમારો પ્રભુ, અને તેનેજ ભજવાની અમે ટેવ રાખીએ છીએ. ૨

પાઠ ૬૪ મો.

મુળીયાં-જડીયાં, જડ.

જીવે-બચે, ઉગરે

છોડવા-નાનાં વૃક્ષ, ઝાડ

વાદળ-વાનો જથો.

વાટે-રસ્તે, માર્ગે.

આગળે-પીંગળે ગળે

વેહ-કાણાં, છિદ્ર, ચાર.

કસ-તત્વ, સત્વ.

થડ-ઝાડની ડાળીઓ જેમાંથી થાય તે.

ડાળાં-શાખા.

ફુલ-પુષ્પ.

ફળ-મેવો.

શાક-ભાજી, તરકારી

વેલા-લતા, વલ્લી.

પાઠ ૬૫ મો.

લીલાં-લીલાશવાળાં.

કરમાઇને-સુકાઇને.

સાંચીએ-પાઇએ, પોષીએ.

છાંટવું-છંટકાવ કરવો

ક્યારો-પુંજો.

ટટાર-ઉભાં, મજબુત

તાજા-તેયાર, પુષ્ટ.

ઢીલા-શક્તિ વગરના.

પાઠ ૬૬ મો.

રીસાળ-ક્રોધી,ગુસ્સા વાળો.

રીસાય-ક્રોધે ભરાય.

પીરશેલી-ખાવા મુકેલી

વેદના-પીડા, દુઃખ, દરદ

પુણે-નડે, ઈજા કરે.

મુદલ-લગાર, જરા.

ભાંડું-ભાઈબેન

વીંછી-એક જાતનું ઝેરી પ્રાણી.

પાઠ ૬૭ મો.

તણખલાં-તરણાં, શળેખડાં

ઈડાં-અંડ.

રૂ-જેનું સુતર થાય છે તે કપાસ.

આખુ-સર્વ,બધું.

પાંખો-જેવડે પક્ષી ઉડે છે તે.

પાઠ ૬૮ મો.

ઝાંઝવાં-ઝળઝળીયાં.

ધાન્ય-અનાજ

થાળી-જમવાનું ધાતુનું વાસણ.

આંખે-ચક્ષુએ નેત્રે

પાઠ ૬૯ મો.

બગાડ-નુકશાન, ખરાબી.

ધાજો-ધ્રોડજો,દોડજો

છેતરવું-ઠગવું, ફાંસ લાવવું.

આસપાસ-આગળ પાછળ.

ખેડુત-જમીન ખેડનાર.

ચારતો-ખવરાવતો.

હસવા-હાંશી કરવા મશકરી.

પાઠ ૭૦ મો.

ધુરકવું-ભસવું,ધાવું.

પામીએ-ભોગવીએ, સહીએ.

લોહીલોહાણ-લોહીથી નીતરે.

બચકાં કરડવું તે.

તુટી પડવું-એકદમ વળગી પડવું

સોબત-સંગત,સંગાથ

પાઠ ૭૧ મો.

પજવીએ-નડીએ, પીડીએ.

ઉગામીએ-ફુંકીએ, ઉસેટીએ.

માંહોમાંહે-અંદરઅં
ર, એક બીજાને.

હળી મળીને-સંપસંપીને સલાહથી.

દુખાય-ઈજા થાય, પીડાય.

રાજી થવું-ખુશી થવું, પ્રસન થવું.

વહેંચી-વાટી, ભાગ પાડી

પાઠ ૭૨ મો.

વાહલો-પ્રીય, પ્યારો

ઊંચો-ઉપર

ઘોર-બીહામણું, ભયાનક

ગગન-આકાશ, નભ

દીવો-દીપક, દીપ

પાઠ ૭૩ મો

મહિમા-મોટાઈ, મહાત્મ

કરનાર-બનાવનાર રચનાર, કીરતાર, સરજનાર

જગ-દુનિયાં, શ્રષ્ટી

ભજવા-સ્મરણ કરવા

આંબલી-ખટાશ વાળો પદાર્થ

કોઠી-કોઠનું ઝાડ

આંબો-આમ્ર વૃક્ષ, કેરીનું ઝાડ
તારા-નક્ષત્ર, ચાંદરણીઓ
દેવ-પ્રભુ,ઈશ્વર
ચોપાઈ-ચાર ચરણવાળી
તાડ-તાડીનું ઝાડ

પાઠ ૭૪ મો.

રંગત-રંગેલી
સો-સેંકડું, સત.
પાટી-છોકરાંને લખવા લાકડાનું પાટીયું
બતરણું-પાટીપર લખવાની લેખણ
એકડેએક-આંકમાંનો પેહેલો કોઠો
મોઢે-યાદ,પાઠે
ધુળ-રેત, જેસુ, રજ
તૈયાર-હાજર,તતપર
સ્લેટ-પથરપાટી.
ખડી-ધોળી માટી,સરાખડો.
ફીકર-ચિંતા, સોચના, કાળજી
મંજાવી-સાફ કરાવી, રંગચઢાવી.

પાઠ ૭૫ મો.

ચીતારો-ચિત્ર કાઢનાર
ચઢાવતો-ચોપડતો,લગાવતો
ખડિયો-દવાત
હરડાંબેઢાં-રંગાટીમાં આવનારાં એક જાતનાં ફળ
હિરાકશી-એક જાતનો ખાર, કાળોરંગ
ભાઈબંધ-દોસ્તદાર
શાહી-રૂશનાઈ
બરૂ-સાંઠા જેની કલમ થાય તે

પાઠ ૭૬ મો.

ધનતેરસ-આસો વદ તેરશ
બાજુબંધ-હાથનીબાજુએ બાંધવાનું માદળીયું
કંદોરો-કટીમેખળા,કમરે પેહેરવાનું ઘરેણું
ઢુંપીઓ-ગળચવો
છલીટીયાં-બાયડીઓના પગની આંગળીઓના ઘરેણાં
બેરખી-બાયડીઓને હાથની બાજુએ પેહેરવાનું ઘરેણું
વાનાં-વસ્તુઓ,ચીજો
કડાં-હાથે ઘાલવાનાં ઘરેણાં
સાંકળાં-હાથેપગે પેહેરવાના તોડા
ચોકડાં-કાનનું ઘરેણું
અકોટી-સ્ત્રીને કાને પેહેરવાનું ઘરેણું
વીંટી-મુદ્રિકા, અંગુઠી
પોંચી-કાંડે પેહેરવાનું ઘરેણું
બાજઠ-લાકડાની બેઠક
તુશીપાટીયાં-સ્ત્રીને કોટે પેહેરવાનુ ઘરેણું.
વાંક-સ્ત્રીને હાથે પેહેરવાનુ ઘરેણું.
હીરાકંઠી-હીરાની કણી જેવા સોનાની મણકાની માળા
કલ્લાં-સ્ત્રીને પગે પેહેરવાનું ઘરેણું

પાઠ ૭૭ મો.

લોહોડું-એક જાતની ધાતું, લોહ
ખીલા-ખુંટા
કિમત-મુલ
પાવડો-એક જાતનું ઓજાર
સોનેરી-સોનાવાળા
બુટા-કસબની ભાત
કીનખાબ-એક જાતનું રેશમી કસબના બુટા વાળુ લુગડું
હળ-ખેતી ખેડવાનું ઓજાર
સાંકળ-લોહડાની સાંકળી
નકુચા-નાકાવાળો ખુંટા

પાઠ ૭૮ મો.

ડોકું-કંઠ, ગળુ
હડપચી-હોઠની નીચેનો ભાગ
ગાંસડી-પોટલી, બચકી
લમણા-આંખ અને કાનની વચેનો ભાગ
બાબરી-માથાના વાળ
બોચો-ગરદન
મોખરે-મોં આગળ
ચોટલી-શિખા; કેશ
હોઠ-ઓષ્ટ, અધર
ધડ-ગળા નીચેનો ભાગ
કપાળ-લલાટ, કપોળ
જીભ-જીહ્વા. રસના

પાઠ ૭૯ મો.

વાંસો-બરડો, પીઠ
ખભા-સ્કંદ, ખાંધ
હાથેળી-આંગળાં અને કાંડાની વચેનો ભાગ
બગલ-કાખ
કેડો-કમર, કડી
કાંડું-હાથ અને પંઝાની વચેનો ભાગ
નખ-નહોર
પેડું-ડુંટીની નીચલો ભાગ
ગાળો-વચલો ભાગ.
થાપો-ઢીચણની ઉપરનો ભાગ
નળો-પગની ઘુંટીથી ઘુંટણ-સુધીનો ભાગ
તળીયું-પગની તળેનો ભાગ
એડી-પગની પાની
છાતી-હૈયુ, -હૃદય, કાળજુ

પાઠ ૮૦ મો.

આંબાવાડીયું-આંબાની વાડી
ટપેરાં-મારયાં, ઠોકયાં
રખવાળ-સાચવનાર, ચોકીદાર
પોહોરયો-માલ્યો, ભેગો થયો
કેરી-આંબાનું ફળ

પાઠ ૮૧ મો.

સંગ-સોબત, અસર
પ્રેમ-હેત, પ્રીતી
ઠામ-ઠેકાણું, જગ્યા
ભાગ્યશાળી-ભાગ્યવાળો, નશીબવાળો.
વિદ્યા-હુંનર, કીસબ ભણતર
છપો. છપણવાળો
પેસે ગુસે
ઠરશે-બેસશે, ટકશે

કવિતાની સમજણ.

(૧૧) જેને જેવી સોબત હોય, તેવોજ ઘણું કરીને તેને રંગ બેસે છે. (તેવો થાય) જેને જેવી સોબત છે તેવું હેત તેને આવે છે, જેને જેવી સોબત છે તેવાંજ તે કામ કરશે. સારી સોબતે સારો થશે. અને નઠારી સોબતે નઠારો થશે. જુઓ કોઇ સારા મેહેતાજીની સોબત થશે તો તે ભાગ્યશાળી વિદ્યા ભણશે.

પાઠ ૮૨ મો.

ખાંડ-સરકરા, મીશરી, સકર
જલેબી-એક જાતનું પકવાન
પોહોર-બીજે વરશે.
પકવાન-સુખડું, મીઠાઇ
હારડા-હાર. માળા
ભાણે-પત્રાળે, થાળીએ.
પતાસાં-ખાંડની ચાસણીના ઠારેલા પરપોટા.
નાત-ન્યાતી

પાઠ ૮૩ મો.

ખાતર-ચોરી
વણઝાર-વણઝારા પાસે રહેલો.
ડાટવું-જમીનમાં ઘાલવું, છુપાવવું.
નજર-દ્રષ્ટી, સરત.
ધન-પૈસો, દ્રવ્ય.
ખોદવું-ગોડવું.
જડ્યું-મળ્યું, લાધ્યું.

પાઠ ૮૪ મો.

સાકર-ખાંડની ચાસણીના ઠારેલા ગાંગડા.
મેળાપ-મળવું.
શેખી-પતરાજી, મમત
રડ્યુંખડ્યું-કદાક, જવલે
મોંઘું-વધારે કીમતનું
ચઢભઢી-લડાઇ કરી
પડીને-ગરીને.
સામટુ-એકેવારે
શાહુકાર-શાહ, પ્રમાણીક
જમણ-ભોજન, ખાવાનું
વિચાર-ઇરાદો, ધારણા.
ખરીદવું-વેચાતી લેવું
લેખુ-ગણતરી
વિના-વગર, શીવાય,
આથાણું-આચાર, આથણું, આથેલું
ખપ-જરૂર. અગત્ય

પાઠ ૮૫ મો.

સમડી-સમળી.
વાઘરી-એક જાતની ન્યાતી
જાળ-ફંદો, ફાંસો.
કરગરવું-કાલાવાલા

કરવા
મરડવું-મચડવું, વાંકુ કરવું
લુચ્ચી-દગાવાળી, નઠારી.

પાઠ ૮૬ મો.

બળદ-બેલ, ખુટીઓ
બીડ-જંગલ જેમાં ઘાસ ઉગેછે તે.
ફુલાવવું-ઉપસાવવું.
તાલેવર-શ્રીમંત, પૈસાવાળો
ખરચખુટણ-ખરચ કરવું વાવરવું
મમત-વાદ વિવાદ
ગજુ-શકિત, તાકાદ
બરોબરી-બીજાના જેવું
સુંથઈને-કચરાઈને પીલાઈને
પેટ-ઉદર, ઓઝરૂ

પાઠ ૮૭ મો.

ખીજી આવી ગઈ તેણી
આડોશીપાડોશી-ઘરની આસપાસના રહેનાર તે
જાગત-નિંદ્રા રહિત.
ગુણપાડ-ઉપકાર, આભાર
ધણી-ઉપરી, માલીક
રખવાળી-ચોકી, સાચવણી
નાસતો-દોડતો, ધ્રોડતો
ફાવ્યું-ધાર્યું
જાળવ્યું-સાચવ્યું, સંભાળયું

પાઠ ૮૮ મો.

મેળો-ઘણા માણસનો જથો
કંદોઇ-સુખડીઆ, પકવાન પાડનાર.
ખડકી મુકયાં-ગોઠવી મુકયાં
સાકરીયા ચણા-ચણા ઉપર ખાંડની ચાસણી ચઢાવી તે
ચકરડી-ફકરડી
લાકડાનો-કાષ્ટનો
પાલખી-સુખપાળ
ચોસલાં-ચોખંડાંઢેપાં
રમકડાં-રમવાની ચીજો
ઠઠ-ભીડ, જથો
ગાડીઓ-વેહેલ્યો
કોપરાપાક-ટોપરાનો પાક
વાહોરો-હોરો
ભમરડા-લાકડાનું એક જાતનું રમકડું
ઘંટી-ચકી દળવાનું યંત્ર

પાઠ ૮૯ મો.

પંચરાઉ-પરચુરણ.
નાગલી-બાવટો
અપવાસ-ભુખ્યાં રહેવું, લાંઘણ
રાજગરો-એક જાતનું ફળાહાર
કોદરા-એક જાતનું અનાજ
મકાઈ-એક જાતનું મોટા દાણાવાળુ અનાજ
બંટી-ખડધાન
તુવેર-એક જાતનું દ્વિદળ અનાજ
લાંગ-એક જાતનું દ્વિદળ અનાજ
મસુર-દાળના ઉપયોગનું અનાજ.
ફરાળ-ફળનોઆહાર, ફળ ખાવું.

ઘઊ-ગોધુમ
જાર-જુવાર
ડાંગેર-જેમાંથી ચોખા નીકળેછે તે
વડી-ચોળાની દાળ વાટી મસાલો નાંખી ડપકા મેલેછે તે
વટાણા-એક જાતનું કઠોળ
મઠ-કઠોળમાંનું અનાજ

પાઠ ૯૦ મો.

તેલ-તલનો રસ, તલ પીલ્યાથી જે તત્વ નીકળેછે તે, તેલ.
નીકળેછે-નીસરેછે
ઘાંચી-તેલી, ઘાણી ખેડનાર
ઘાણી-તેલ પીલવાનું યંત્ર
ડોળીયું-ડોળીનું તેલ
દિવેલ-એરંડાનું તેલ
કણઝીયું-કણઝીનું તેલ
સરશીયું-સરસવનું તેલ
એરંડી-એરંડાનાંફળ
ડોળી-મહુડાનું ફળ
ફોલ્લા-ફફોલા, ઝરેળા
સરસવ-સરશીયાના ઝાડનાં બીજ
ખોળ-તેલ પીલ્યા પછી કુચા રહેછે તે
હકીકત-બીના, વાત
કાચુંરૂ-રાંધ્યા વગરનું
દારૂખાનું-આતસબાજી
જાળા-ગાઉઆં
ઊધૈઅધૈ-એક જાતનાં જીવડાં
ખંજેરી-ઝાપટી કાઢી
શીરો-એક જાતનું જમણ
ટેટા-ફટાકીયા, ફટાકા
મઠીઆં-મઠના પાપડ
સંજોરી-મીષ્ટ મસાલો ભરેલી એક જાતની પુરી
ગેરૂ-રમચી, (રંગી)
પટારો-મજુસ, મોટી પેટી
ખરખરીને-ખુબ, ખરેખરો
ફુલકરણી-દારૂનું રમકડું
છછુંદર એક જાતનું (દારૂખાનુ)
શેવ-ઘઊ તથા ચણાના આટાની કણેક બાંધી તાર કાઢેછે તે
ઘુઘરા-એક જાતનું મીઠાઈને મળતું ભોજન
છોડેછે-ઊડાવેછે, ફોડે છે.

સમાપ્ત.

जाहेर खबर.

આ ચોપડી નીચે લખેલે ઠેકાણેથી વેચાતી મળશે.

મુંબાઈ—બુકસેલર સખારામ ભીકાસેટ, બાળકૃષ્ણ લક્ષ્મણ, ભીમશી માણેક, અને દામોદર ઈશ્વર.

વલસાડ—બુકસેલર દ્વારકાંદાસ પરભુદાસ.

સુરતમાં—મેહેતાજી ફકીરભાઈ કાશીદાસ, ફીકાભાઈપરભુદાસ, મંચેરજી જમસેદજી, કરસનદાસ નારણદાસ, લલુભાઈ જમનાદાસ, અને શ્રીભોવનદાસ ગોપાલદાસ.

ભરૂચ—બુકસેલર ફુલચંદ બુખચંદ પાસેથી.

વડોદરા—બુકસેલર દસરથ રાગોબા ઠેકાણું રાવપરામાં, રણછોડ મોતીરામ.

નડીઆદ—કાગદી સાદકભાઈ ચોપડી વેચનાર.

સલુણમાં—બુકસેલર લલુ જેભાઈ.

વીરમગામ—બુકસેલર ભીખા નથુરામ, [illegible] લલુ.

વઢવાણ—બુકસેલર પ્રાણશંકર રામજી, રામા નાનજી.

લીંબડી—બુકસેલર છગન સંગજી.

ધાંગધરા—બુકસેલર નરશી જીવા ઠકર.

સામગ્રી લેવી હોય તેમણે પોસ્ટપેડ કાગળ લખી ખુલાસો કરવો નાટપેડ કાગળ લીધામાં આવશે નહીં. મુંબાઈનાં છાપેલાં સંસ્કૃત, હીંદુસ્તાની, ગુજરાતી, ડીક્સનેરીઓ, નાટકો, જૈનધર્મનાં, વૈષ્ણવધર્મનાં, વારતાઓ, તથા કાયદાઓ, પેહેલીથી તે સાતમી સુધીના અર્થ, તરજુમાઓ, અને વૈદકનાં પુસ્તકો વિગરે બીજા ઘણી ખરી જાતનાં પુસ્તકો અમારી પાસેથી ઘણી સરસ છાપ ને સસતી કીંમતે મળશે.

બુકસેલર જગજીવનદાસ દલપતરામ,

ઠેકાણું અમદાવાદમાં ગાલેટનની હવેલીમાં.